અનુસુચિત જાતિ કલ્યાણ પ્રભાગ હેઠળના ત્રણ નિગમોને વર્ષ:૨૦૨૨-૨૩માં સીધા ધિરાણ યોજના હેઠળ લોન આપવા માટે કુલ રૂ.૨૫૦૦.૦૦ લાખની નવી બાબતને વહીવટી મંજૂરી આપવા બાબત.

ગુજરાત સરકાર.
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક:-EOD/e-file/17/2022/0073/જ,
સચિવાલય, ગાંધીનગર.
તા:૨૮/૦૪/૨૦૨૨

**વંચાણમાં લીધા:-**

૧. નિયામકશ્રી, અનુસુચિત જાતિ કલ્યાણ, ગાંધીનગરનો તા.૨૯/૦૧/૨૦૨૨નો પત્ર ક્ર:અજાક/મ-૬/૨૦૨૨/૪૪૬-૪૫૧

**આમુખ:**

નિયામકશ્રી, અનુસુચિત જાતિ કલ્યાણ, ગાંધીનગરના વંચાણે લીધેલ ક્રમાંક-૧ પરના પત્રથી કરવામાં આવેલ દરખાસ્ત અન્વયે સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના અનુસૂચિત જાતિ કલ્યાણ પ્રભાગ હેઠળના ત્રણ નિગમોને વર્ષ:૨૦૨૨-૨૩માં સીધા ધિરાણ યોજના હેઠળ નિગમોના લાભાર્થીઓને વિવિધ ધંધા/વ્યવસાય/શૈક્ષણિક પ્રવૃત્તિઓ માટે ધિરાણ આપવા નિગમોને લોન આપવા માટે કુલ રૂ.૨૫૦૦.૦૦ લાખની નવી બાબતને મળેલ સૈદ્ધાંતિક મંજૂરીના આધારે તે અંગેની અંદાજપત્રમાં નાણાકીય જોગવાઈ કરવામાં આવેલ છે. જે નવી બાબતને વહીવટી મંજૂરી આપવાની બાબત વિચારણા હેઠળ છે.

**ઠરાવ:**

પુખ્ત વિચારણાના અંતે, આ વિભાગના અનુસૂચિત જાતિ કલ્યાણ પ્રભાગ હેઠળના નીચે મુજબના ત્રણ નિગમોને વર્ષ:૨૦૨૨-૨૩માં સીધા ધિરાણ યોજના હેઠળ નિગમોના લાભાર્થીઓને વિવિધ ધંધા/વ્યવસાય/શૈક્ષણિક પ્રવૃત્તિઓ માટે ધિરાણ આપવા નિગમોને લોન આપવા માટે કુલ રૂ.૨૫૦૦.૦૦ લાખ પેટે જે-તે નિગમની સામે દર્શાવ્યા મુજબની રકમ નીચેની શરતોને આધિન ફાળવવા અંગેની આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે:-

| ક્રમ | નિગમ | લોનની રકમ (રૂ. લાખમાં) |
|---|---|---|
| ૧ | ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમ | ૧૦૦૦.૦૦ |
| ૨ | ડૉ. આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ (અ.જા.) | ૫૦૦.૦૦ |
| ૩ | ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમ | ૧૦૦૦.૦૦ |
| | કુલ : | ૨૫૦૦.૦૦ |

**શરતો:**

૧. આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ નાણાંકીય વર્ષ ૨૦૨૨-૨૩ની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણા વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

૨. પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાંકીય વર્ષમાં પ્રર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

૩. આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

૪. આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

૫. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહી. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

૬. આ યોજનાની અન્ય શરતો યથાવત રહેશે.

૭. યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

૮. પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં ફેરફાર કરવાનો થાય તો તે અંગે રાજય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે

૯. આ યોજનાને C.M. Dash Board સાથે Link કરવી.

૧૦. સોશિયો ઇકોનીમીક ઇમ્પેકટ ઇવેલ્યુએશન/એસેસમેન્ટ કરવાનું રહેશે.

૧૧. યોજનાના લાભાર્થીને આપવામાં આવતાં લાભ માટે DBT પધ્ધિત અનુસરવાની રહેશે.

૧૨. સદર વહીવટી મંજૂરી અન્વયે સતત ત્રણ વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજૂરી આપોઆપ રદ ગણાશે.

૧૩. યોજનાકીય મેનપાવરની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.

૧૪. આ યોજનાનો અમલ તા.01-0[illegible]-૨૦૨૨થી કરવાનો રહેશે.

૧૫. પારદર્શક પ્રક્રિયા અનુસાર લાભાર્થીની પસંદગી કરવાની રહેશે.

૧૬. ઓનલાઇન અરજી કરવાનું અને મંજૂરી આપવાનું પ્રાવધાન રાખવાનું રહેશે.

૧૭. યોજનાના મોનીટરીંગની યોગ્ય વ્યવસ્થા કરવાની રહેશે.

ઉકત નવી બાબત અંગે થનાર ખર્ચ નીચે મુજબના બજેટ સદર હેઠળ ઉધારવાનો રહેશે.

| | |
|---|---|
| માંગણી નંબર | ૯૫ |
| મુખ્ય સદર | ૬૨૨૫ અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, અન્ય પછાત વર્ગ અને લઘુમતીઓનું કલ્યાણ |
| પેટા મુખ્ય સદર | 0૧ અનુસૂચિત જાતિઓનું કલ્યાણ |
| ગૌણ સદર | ૧૯૦ જાહેર ક્ષેત્ર અને અન્ય ઉપક્રમો માટે લોન |
| પેટા સદર | એસસીડબલ્યુ-૩૬ આર્થિક ઉત્કર્ષ માટે નિગમો દ્વારા લોન, ગુજરાત અનુ.જાતિ વિકાસ નિગમ, ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમ, ડો.આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ |

આ હુકમો અ. વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણાં વિભાગની તા:૨૦/૦૪/૨૦૨૨ની નોંધથી મળેલ સમંતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જયશ્રી પી. વસાવા)
ઉપ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- માન. મંત્રીશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. રાજ્ય કક્ષાના મંત્રીશ્રી(અનુસૂચિત જાતિ કલ્યાણ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, પ્રથમ માળ, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, નાણાં વિભાગના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- નાણાં સલાહકારશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત અનુસુચિત જાતિ વિકાસ નિગમ, ૧૦/૨, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- મેનેજીંગ ડીરેકટરશ્રી ડૉ. આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ, કર્મયોગી ભવન, ગાંધીનગર.
- મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમ, કર્મયોગી ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/ રાજકોટ.
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી(અ-શાખા), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર. ઉકત ઠરાવ વિભાગની વેબસાઈટ પર અપલોડ કરવા વિનંતી સહ.
- પસંદગી ફાઇલ-૨૦૨૨.